## સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર (અભ્યાસક્ષેત્ર):

સમાજલક્ષી મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં તેના અભ્યાસના વિષયો, મુદ્દાનો અને અભ્યાસપ્રશ્નોનો સમાવેશ થાય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર અત્યંત વ્યાપક છે.

આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં (અભ્યાસક્ષેત્રમાં) નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે :

(1) જૂથપ્રક્રિયાઓ અને સામાજિક આંતરક્રિયા

(2) મનોવલણો

(3) પૂર્વગ્રહો

(4) નેતૃત્વ

(5) લોકમત

(6) પ્રચાર

(7) વિચલિત વર્તન

(8) સમૂહવર્તન

(9) સમાજીકરણ

(10) સમાજાભિમુખ વર્તન

## (1) જૂથપ્રક્રિયાઓ અને સામાજિક આંતરક્રિયા:

વ્યક્તિ હમેશાં જૂથમાં પોતાનું જીવન પસાર કરે છે. કુટુંબ, પાડોશ, મિત્રમંડળ, શાળા વગેરે વિવિધ જૂથો વ્યક્તિના વર્તન પર અસર જન્માવે છે. સમાજલક્ષી મનૌવિજ્ઞાનમાં જૂથનાં લક્ષણો, જૂથના પ્રકારો વગેરેનો અભ્યાસ થાય છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક પરિસ્થિતિમાં થતા સામાજિક વર્તનનો અભ્યાસ કરે છે. સામાજિક વર્તન સામાજિક આંતરક્રિયા સ્વરૂપે થાય છે. સામાજિક આંતરક્રિયા વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે, વ્યક્તિ-જૂથ વચ્ચે અને જૂથ-જૂથ વચ્ચે થતી હોય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામજિક આંતરક્રિયાના પ્રકારો તેમજ સામાજિક આંતરક્રિયાનાં ઉપકરણોનો અભ્યાસ થાય છે. સામાજિક આંતરક્રિયામાં અભિસંધાન, સુચન, અનુકરણ, સહાનુભૂતિ, સામાજિક

અવરોધ, સામાજિક તાદાત્મ્ય વગેરે ઉપકરણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

(2) મનોવલણો:

**મનોવલણો એ ચોક્કસ વ્યક્તિ, જૂથ કે સંસ્થા પરત્વેની વિધાયક કે નિષેધક માન્યતાઓ છે;** જે વ્યક્તિની વાણી અને વર્તનમાં અભિવ્યક્ત થાય છે. મનોવલણો માનવીના વર્તન પર અસર કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મનોવલણનાં લક્ષણો, મનોવલણોનું ઘડતર, મનોવલણોમાં પરિવર્તન તેમજ મનોવલણોના માપનનો અભ્યાસ કરવામાં આવે છે.

(3) પૂર્વગ્રહો:

**પૂર્વગ્રહ એ અન્ય વ્યક્તિ કે જૂથ પરત્વેનું અંતિમ કક્ષાનું નિષેધક મનોવલણ છે.** પૂર્વગ્રહો વ્યક્તિના વર્તન પર નિષેધક અસર જન્માવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પૂર્વગ્રહનું સ્વરૂપ (લક્ષણો), પૂર્વગ્રહનુ ઘડતર (પૂર્વગ્રહનાં

ઉદ્ભવસ્થાનો), પૂર્વગ્રહના પરિણામો (અસરો), પૂર્વગ્રહ નિવારવાના ઉપાયો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

(4) નેતૃત્વ:

પ્રત્યેક જૂથમાં નેતા હોય છે. **નેતાની ભૂમિકાને-કામગીરીને નેતૃત્વ કહે છે. વર્ચસ્વ અને અધીનતાના સંબંધોમાંથી નેતૃત્વ જન્મે** છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં નેતૃત્વનો અર્થ, નેતૃત્વનો ઉદ્ભવ, નેતૃત્વના સિદ્ધાંતો, નેતાનાં ગુણલક્ષણો, નેતૃત્વ અને નેતાના પ્રકારો, નેતાનાં કાર્યો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

(5) લોકમત:

**આધુનિક યુગમાં લોકશાહી દેશોમાં લોકમત ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રત્યેક સમસ્યા અંગે લોકમત ઘડાતો હોય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં લોકમતનું સ્વરૂપ, લોકમતનું ઘડતર,

લોકમતમાં પરિવર્તન, લોકમતનું માપન વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

(6) પ્રચાર:

**વ્યક્તિના સામાજિક વર્તનને નિયંત્રિત કરવામાં પ્રચાર મહત્ત્વનો ભાગ ભજવે છે.** આધુનિક યુગમાં રાજકીય, ઔદ્યોગિક, સામાજિક, ધાર્મિક વગેરે વિવિધ ક્ષેત્રોમાં પ્રચારનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રચારનાં લક્ષણો, પ્રચારની પ્રયુક્તિઓ, પ્રચારની અસરકારકતા, પ્રચાર સામે રક્ષણ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

(7) વિચલિત વર્તન:

**વ્યક્તિ મોટે ભાગે જૂથનાં ધોરણો કે નિયમો પ્રમાણે વર્તન કરે છે. પરંતુ કેટલીકવાર કેટલીક વ્યક્તિઓ જૂથનાં ધોરણો કે નિયમોથી સંપૂર્ણપણે વિરોધી રીતે વર્તન કરે છે, તેને સામાજિક વિચલન કહે છે.**

**સામાજિક વિચલન એટલે જૂથનાં પ્રચલિત ધોરણોથી ભિન્ન વર્તન.** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વિચલિત વર્તનનો અર્થ, વિચલિત વર્તનના પ્રકારો અને વિચલિત વર્તનનાં કારણોનો અભ્યાસ કરવામાં આવે છે. બાળગુનેગારી, અતિ મદ્યપાન, કેફી પદાર્થોનું વ્યસન, વેશ્યાવૃતિ, ભિક્ષુકવૃત્તિ તેમજ નિરાધાર અને ભાગેડુ બાળકો એ વિચલિત વર્તનના – સામાજિક વિચલનના પ્રકારો છે.

(8) **સમૂહવર્તન:**

આધુનિક ઔદ્યોગિક સમાજ એ સમૂહસમાજ છે. આ સમૂહસમાજમાં વિવિધ સ્વરૂપના સમૂહવર્તનો અસ્તિત્વમાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં **ટોળાકીય વર્તન.**

**શ્રોતાગણ, અફવા તેમજ ફેડ, ફેશન અને ઘેલછા** એ સમૂહવર્તનોનો અભ્યાસ કરવામાં આવે છે.

(9) **સમાજીકરણ:**

સમાજીકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા બાળક સામાજિક વર્તન કરતાં શીખે છે; તે સામાજિક ધોરણો પ્રમાણે વર્તન કરતાં શીખે છે. **માનવીને સામાજિક બનાવવાની પ્રક્રિયાને સમાજીકરણ કહે છે.** સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સમાજીકરણની પ્રક્રિયા, સમાજીકરણનાં માધ્યમો – સમાજીકરણમાં કુટુંબ, સમવયસ્કો અને શાળાનો ફાળો તેમજ સમાજીકરણનાં પ્રક્રિયાતંત્રો અને પરિણામોનો અભ્યાસ કરવામાં આવે છે.

(10) **સમાજાભિમુખ વર્તન:**

**સમાજાભિમુખ વર્તન એ અન્યને મદદરૂપ થવાનું વર્તન છે.** પરોપકાર અને મદદરૂપ થવાનું વર્તન તેના પ્રકારો છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સમાજાભિમુખ વર્તન, મદદરૂપ થવાના વર્તનના નિર્ણયનાં સોપાનો, મદદ મેળવવાની પાત્રતા, મદદરૂપ થવાના વર્તન માટેનાં જવાબદાર પરિબળો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજલક્ષી મનોવૈજ્ઞાનિકોએ લોકો શા માટે મદદ કરતા નથી ? લોકો શા માટે મદદ કરે છે ? કેવા લોકો મદદ મેળવે છે ? એ પ્રશ્નોના ઉત્તરો સંશોધનોને આધારે આપ્યા છે.

## |3| ઉપસંહાર

આમ, સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વ્યક્તિના સામાજિક વર્તનનાં લગભગ બધાં જ પાસાંઓનો તેમજ સામાજિક વર્તન પર અસર કરનારાં બધાં જ પરિબળોનો અભ્યાસ કરવામાં આવે છે. **આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં ઉપર**

દર્શાવેલા અભ્યાસમુદાઓ ઉપરાંત સામાજિક પ્રત્યીકરણ, સામાજિક બોધન, આક્રમકતા વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.